જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૭/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૧૩૧૬/૨૦૨૧**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૩	૧	૧૧૬૩૪	૧૭૭૪૪	૧	૧૭૭૪૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૧	૦	૧૦૧	૩૫૨	૦	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૫૦૯૩	૧૩૫	૬૫૨૨૮	૬૫૭૧૬	૧૩૯	૬૫૮૫૫
કુલ		૮૧૫૫૯	૧૩૬	૮૧૬૯૫	૯૦૦૭૯	૧૪૦	૯૦૨૧૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૨	૪,૦૬,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૧૭	૧૩,૧૭,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

ચોરીના સોના-ચાંદીના ઘરેણા કિંમત રૂપિયા ૩૨,૦૦૦/- સાથે એક આરોપીને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૧૮/૦૭/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ વાગે ચંડોળા તળાવ ગરીબનવાઝ મસ્જીદ ખાતેથી લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા નાઓને મળેલ સયુક્ત બાતમીથી આરોપી સમીરઅલી ઉર્ફે આલમ લીયાકતઅલી શેખ ઉ.વ ૨૬ અમ્મા મસ્જીદ સામે નવાબનગરના છાપરા બબલાભાઇની ચાની હોટલની બાજુમા ઇસનપુર અમદાવાદ શહેરનાને પકડી પાડી તેની પાસેથી (૧) એક સોનાનુ મગલસુત્ર નંગ-૧ કિ.રૂ ૨૧,૦૦૦/- (૨) સોનાની કાનની કડીઓ(વાળી) નંગ-૪ તથા સોનાનો ધુધરી વાળોનંગ-૧ કિ.રૂ ૯૦૦૦/-(૩) ચાદીના પગના સાકળા(પાયલ) નંગ-૨ કિ.રૂ ૨૦૦૦/- નો મળી કુલ રૂપિયા ૩૨,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૧૨૭૧૯/ ૨૦૨૧ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૨૦/૦૭/૨૦૨૧



કાગડાપીઠ પોલીસ સ્ટેશન :

કાગડાપીઠ પોલીસ સ્ટેશનના સોનાના દાગીનાની ચોરી કરનાર આરોપીઓને તાત્કાલીક પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગંભીર ગુનાના આરોપીઓને શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેકટરશ્રી પી.કે.પટેલ સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ તા.૧૮/૦૭/૨૦૨૧ ના રોજ નોધાયેલ ગુ.ર.ન.૧૧૧૯૧૦૨૫૨૧૧૪૪૦/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯, ૧૧૪ મુજબનો દાખલ થયેલ. જે ગુનાની તપાસમા રહેવા સુચના આપેલ જે આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં સી.સી.ટી.વી.ફુટેજ તપાસ કરતા સી.સી. ટીવી ફુટેજ આધારે હે.કોન્સ.સંજયકુમાર દશરથભાઇ તથા પો.કોન્સ.દિનેશકુમાર ભીમશીભાઇ તથા લોકરક્ષક યોગેન્દ્રસિહ ખુમાનસિહ નાઓને સંયુક્ત બાતમી હકિકત આધારે આરોપી નામે (૧) અલ્પેશભાઇ પરષોત્તમદાસ જાતે : પંચાલ ઉ.વ.૪૪ રહે.નાની ખરી કુઇ સ્વામીનારાયણ મંદીર પાસે, ખભાત જી : આંણદ તથા (૨) વૈશાલીબેન વા/ઓ મહેશભાઇ જાતે : વાંળદ ઉ.વ.૩૫ રહે.મ.ન.૦૬૯, કોલોમપારો અલીગ ચાર રસ્તા ખંભાત જી : આંણદ નાઓની પાસેથી સદર ચોરીમા ગયેલ સોનાના બુટી જોડી નંગ-૫ જેનુ કુલ વજન ૭.૬૮૦ જેની કિ.રૂ.૩૫,૦૦૦/- ગણી શકાય તે મુદ્દામાલ સાથે પકડી ગુનેગારોને તાત્કાલીક શોધી કાયદેસરની કાર્યવાહિ કરી કાગડાપીઠ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા સારી કામગીરી કરેલ છે.





નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૧૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૩૩૬ લીટર દેશી દારૂ, ૨૬૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૩૩૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨ રીક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૧૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૧૯/૨૦૨૧**

ઘાટલોડીયાઃ મધુકાંતભાઈ બચુભાઈ પટેલ (ઉ.વ.૭૦) (રહે.રત્નરાજ સોસાયટી રન્નાપાર્ક પાછળ ઘાટલોડીયા) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૯૬૨૮૬૩૮૧૪૭ અને ૮૧૧૨૩૫૦૬૫૬ ના ધારકે મધુકાંતભાઇના મોબાઈલ પર ફોન કરી મધુકાંતભાઈ પટેલના એસ.બી.આઈ. બેન્કના ક્રેડીટકાર્ડનુ કે.વાય.સી. અપડેટ કરાવવાની વાત કરી હતી, અને કે.વાય.સી. અપડેટ નહી કરાવો તો ક્રેડીટ કાર્ડ બ્લોક થઈ જશે તેમ જણાવતા મધુકાંતભાઈ પટેલે કે.વાય.સી. અપડેટ કરવા જણાવતા પ્રોસેસ માટે ઓટીપી નંબર મોકલી મધુકાંતભાઈના મોબાઈલમાં આવેલ ઓટીપી નંબર જાણી લઈ મોબાઇલ નંબર ૯૬૨૮૬૩૮૧૪૭ અને ૮૧૧૨૩૫૦૬૫૬ ના ધારકે મધુકાંતભાઈના ખાતામાંથી કુલ રૂપિયા ૩,૭૫,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઇ મધુકાંતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ રાજકુમાર કુમારસેન જાટમ (ઉ.વ.૨૨) (રહે.જયમહાકાલી આઈસ્ક્રીમ ગોતા ઓગણજ રોડ ગોતા) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૧ થી તા.૦૯/૦૭/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૯૨૭૯૧૧૨૪૮ તથા ૭૬૭૯૯૩૬૩૮૯ ના ધારકે કેનેરા બેંકમાંથી મેનેજર બોલતા હોવાની ઓળખ આપી રાજકુમારના પે.ટી.એમ.ના કે.વાય.સી.અપડેટ કરાવવાની વાત કરી હતી. કે.વાય.સી.અપડેટ નહી કરાવો તો પે.ટી.એમ. બ્લોક થઈ જશે તેમ જણાવતા રાજકુમાર જાટમએ કે.વાય.સી.અપડેટ કરાવવાનુ કહેતા મોબાઇલ નંબર ૮૯૨૭૯૧૧૨૪૮ તથા ૭૬૭૯૯૩૬૩૮૯ ના ધારકે રાજકુમાર જાટમના ડેબીટ કાર્ડની માહીતી મેળવી રાજકુમાર જાટમના ખાતામાંથી કુલ રૂપિયા ૬૦,૧૦૯/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઇ રાજકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ દેવાંગનાબહેન ડો/ઓ પુરષોતમદાસ પટેલ (ઉ.વ.૪૯) (રહે.સહજાનંદ સ્ટેટસ હેતાર્થ પાર્ટીપ્લોટ સામે સાયન્સ સીટી રોડ સોલા) એ તા.૨૦/૦૭/૨૦૨૧ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે દેવાંગનાબહેનની પુત્રીને જન્મ દિવસ આવતો હોઈ યુ.કે. ખાતે રહેતા દેવાંગનાબહેનના સંબંધીનો ફોન આવેલ અને દેવાંગનાબહેનની પુત્રી માટે ગીફ્ટ કુરીયર કરેલ છે. ત્યારબાદ તા.૧૦/૦૬/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૮૧૩૦૯૬૬૫૮૨ ના ધારકે દેવાંગનાબહેનના મોબાઈલ ફોન પર કરી યુરો બેસ્ટ એક્ષપ્રેસ કાર્ગો કુરીયર કંપનીમાંથી કસ્ટમ ડીપાર્ટમેન્ટમાંથી પ્રિયંકાસિંગ વાત કરતા હોવાની ઓળખ આપી દેવાંગનાબહેનનુ કુરીયર આવેલ છે અને તે છોડાવવા ડીલીવરી ચાર્જ ૪૦,૪૦૦/- ભરશો તો ડીલીવરી થશે તેમજ તમારા કુરીયરમાં ૩૦૦૦૦ યુ.એસ.ડોલર પણ છે જે ભારતીય ચલણમાં ટ્રાનસફર કરવા માટે રૂપિયા ૯૫,૦૦૦/- ભરવા પડશે તેમ જણાવતા દેવાંગનાબહેનને સબંધીએ યુ.એસ.થી મોકલેલ ગીફ્ટ કુરીયર આવવાનુ ફોન પર વાત થયેલ હોવાથી એ જ કુરીયર હશે તેમ માની લઈ ગુગલ-પે થી કુરીયર છોડાવવા કુલ રૂપિયા ૧,૩૫,૪૦૦/- ઓનલાઈન ટ્રાનજેકશન કર્યુ હતુ. ત્યારબાદ યુ.કે.ના સંબંધી સાથે વાત કરતા આવુ કોઈ કુરીયર નહી મોકલેલ હોવાનુ જાણવા મળતા દેવાંગનાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરર્પીડી થઈ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી જાડેજા ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ હિંમતકુમાર માણેકલાલ પટેલ (ઉ.વ.૪૭) (રહે.સોનીની ખડકી રાધાકિષ્ણ મંદિરની બાજુમા ઓગણજ ગામ) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હિંમતકુમાર પટેલને મોટર સાયક લેવાનુ હોઈ તા.૦૭/૦૫/૨૦૨૧ સવારના ૧૧/૩૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન ફેસબુક એપ્લીકેશન પર જોતા ફેસબુક પર વેચાણ મુકેલ હિરો હોન્ડા સ્પ્લેન્ડર વેચાણ કિમત રૂપિયા ૨૪,૦૦૦/- જોતા વેચાણ મુકેલ મોટર સાયકલના માલીક મોબાઇલ નંબર ૮૨૮૦૭૫૧૨૮૪ ના ધારક સાથે વાત કરતા મોબાઈલ નંબર ૮૨૮૦૭૫૧૨૮૪ ના ધારકે મિલેટ્રીમાં નોકરી કરતા હોવાનુ જણાવ્યુ હતુ. તેમજ મોટર સાયકલ વેચવાની વાત કરી હતી. જેથી હિંમતકુમારે મોટર સાયકલ લેવાનુ હોઈ મોબાઇલ નંબર ૮૨૮૦૭૫૧૨૮૪ ફોન-પે તથા એસ.બી.આઇ. બેન્ક ખાતા નંબર ૪૦૧૭૦૨૭૮૦૮૬ આપતા જેમાં હિંમતકુમારે કુલ રૂપિયા ૬૨,૫૦૦/- ભર્યા હતા. ત્યારબાદ મોટર સાયકલ નહી આપી કે નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ સર્વેશકુમાર બલરામભાઈ કુશવાહ (ઉ.વ.૨૫) (રહે, સેકટર-૫, ચાણકયપુરી, ઘાટલોડીયા) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સર્વેશકુમાર કુશવાહને ટ્રેકટર લેવાનુ હોઈ તા.૩૧/૦૫/૨૦૨૧ થી તા.૦૨/૦૫/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન ઓ.એલ.એક્સ. એપ્લીકેશન પર ટ્રેકટર વેચાણમાં મુકેલ જોતા ટ્રેકટરના માલીક મોબાઇલ નંબર +૯૧૯૧૨૭૨૩૩૧૭૦ ના ધારક સાથે વાત કરતા મોબાઈલ નંબર +૯૧૯૧૨૭૨૩૩૧૭૦ ના ધારકે વડોદરા ઈન્ડીયન આર્મિમાં નોકરી કરતા હોવાનુ જણાવ્યુ હતુ. તેમજ ટ્રેકટર વેચવાની વાત કરી હતી. જેથી સર્વેશકુમાર કુશવાહને ટ્રેકટર લેવાનુ હોઈ મોબાઇલ નંબર +૯૧૯૧૨૭૨૩૩૧૭૦ ના ધારકે અન્ય મોબાઈલ નંબર આપતા જે નંબર ઉપર સર્વેશકુમાર કુશવાહે ગુગલ-પે અને ફોન-પે થી કુલ રૂપિયા ૧,૦૦,૨૦૦/- ભર્યા હતા. ત્યારબાદ ટ્રેકટર નહી આપી કે નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ દર્શ પથિકભાઇ પટેલ (ઉ.વ.૨૦) (રહે.કેકારવ સોસાયટી ગુલાબ ટાવરની બાજુમાં થલતેજ) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દર્શ પટેલે તા.૦૩/૦૭/૨૦૨૧ ના રોજ ઈયર ફોન માટે એમેઝોન પર ઓર્ડર કરેલ હતો. તા.૦૫/૦૭/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૮૩૩૪૪૯૨૯૮૪૮ ના ધારકે દર્શ પટેલના મોબાઈલ પર ફોન કરી એમેઝોનમાંથી બોલતા હોવાની ઓળખ આપી દર્શ પટેલનુ પાર્સલ આવવાનુ છે તેમાં ગીફટ મળશે જેના માટે તમારે એક ગીફટ કાર્ડ પરચેજ કરવુ પડશે તેમ કહેતા દર્શ પટેલે મંગાવેલ ઈયર ફોનનુ પાર્સલ હશે તેમ માની ફોન કરનારે આપેલ ખાતા નંબર ૯૧૯૮૮૯૯૧૬૯૪ માં એમેઝોન-પે થી કુલ રૂપિયા ૨૮,૫૦૮/- ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ મોબાઈલ ધારકે દર્શ પટેલને ફોન કરી જણાવેલ કે તમારે વધુ પૈસા ટ્રાન્સફર થઈ ગયેલ હોઈ રિફંડ પ્રોસેસ માટે ખાતા નંબર માંગતા દર્શ પટેલનો ખાતા નંબર મેળવી લઈ ખાતામાંથી રૂપિયા ૨૩,૯૮૮/- ઓનલાઈન કુલ રૂપિયા ૫૨,૪૯૬/- મેળવી લઈ દર્શ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરર્પીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ ભાવનાબહેન વા/ઓ જલજકુમાર દવે (ઉ.વ.૩૫) (રહે. વીર સાવરકર હાઇટસ-૩ ગોતા-ઓગણજ રોડ ગોતા) એ તા.૨૦/૦૭/૨૦૨૧ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ભાવનાબહે દવે એ તા.૨૦/૦૬/૨૦૨૧ ના રોજ MEESHO એપ પર ડ્રેસ મંગાવવા ઓર્ડર કરેલ અને બીજા દિવસ તા.૨૧/૦૬/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૯૬૪૧૯૦૨૩૨૮ ના ધારકે ભાવનાબહેનના મોબાઈલ પર ફોન કરી જણાવેલ કે તમારે ડ્રેસની ડીલીવરી ૨૮ દિવસ બાદ થશે તેમ કહેતા ભાવનાબહેને ડ્રેસ ઓર્ડર કેન્સલ કરવાની વાત કરતા મોબાઈલ ધારકે જણાવેલ કે તમે નાનુ ટ્રાન્જેકશન કરો તમારા ડ્રેસની ડીલીવરી કાલે થઈ જશે તેમ કહી ફોર્મ મોકલી ફોર્મની ફી રૂપિયા-૫, ફોર્મમાં દર્શાવેલ વિગત તેમજ યુ.પી.આઈ.પીન ની વિગત ભરાવડાવી હતી. ત્યારબાદ બિજા દિવસે મોબાઈલ નંબર ૬૨૯૭૮૦૪૪૫૬ ના ધારકે ભાવનાબહેન

પર ફોન કરી લાંબા સમય સુધી બીનજરૂરી વાત કરી ભાવનાબહેનના પંજાબ નેશનલ બેંકના ખાતામાંથી અલગ-અલગ આઠ ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૯૯,૯૯૬/- ઓનલાઈન ટ્રાન્સફર કરી મેળવી લઈ ભાવનાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ નિરવભાઇ નવલશંકર વ્યાસ (ઉ.વ.૪૧) (રહે.મધુવન-૨૮ કેડીલા ફાર્મ સામે મોદી શૈક્ષણીક સ્કુલની બાજુમાં છારોડી) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નિરવ વ્યાસે જુના સોફા વેચાણ સારૂ ઓ.એલ.એક્સ. એપ પર મુકી નિરવભાઈના પત્નીનો સંપર્ક નંબર દર્શાવેલ હતો. તા.૨૫/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૮૦૯૯૬૫૨૦૧૬ ના ધારકે સોફા ખરીદ કરવા માટે ઓ.એલ.એક્સ. પર દર્શાવેલ નિરવભાઇની પત્નીના મોબાઈલ પર ફોન કરી સોફા ખરીદવાનુ જણાવી શોફાનો ભાવ રૂપિયા ૧૭,૦૦૦/- નક્કી કરી પૈસા પે.ટી.એમ.થી ઓનલાઈન ચુકવણી કરવાની વાત કરી નિરવભાઈના મોબાઈલમા પેટીએમ નો QR CODE સ્કેન કરાવી નિરવભાઇના એક્ષીસ બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૬૭,૩૩૩/- ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરર્પીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

નારણપુરાઃ જયવિરસિંઘ બજરંગસિંઘ રાઘવ (ઉ.વ.૩૭)(રહે.શ્રીક્રિષ્ના હાઉસીંગ સોસાયટી, પ્રેસ્ટીજ ટાવર સામે, જજીસ બંગલો રોડ, બોડકદેવ, વસ્ત્રાપુર) (મૂળ વતન. પ્લોટ નં- ૬૫, અશોકનગર નિવારૂ રોડ જોટવારા જયપુર રાજસ્થાન) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જયપુર ખાતે પોતાની બહેનનુ મકાન ભાડે આપવાની જાહેરાત ૯૯ એકર વેબસાઈટ ઉપર મુકતા તા.૧૬/૦૭/૨૦૨૧ કલાક ૧૦/૫૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૯૫૬૫૩૧૭૪૬૫ તથા ૮૮૨૨૭૩૪૩૫૦ ના ધારકે સંજયસિંઘ નામની ઓળખ આપી જયપુર ખાતેનુ મકાન ભાડેથી લેવાનુ જણાવતા એક માસના રૂપિયા ૧૦,૦૦૦/- નક્કી કરી ત્રણ માસ માટે રૂપિયા ૩૦,૦૦૦/- મકાનના એડવાન્સ ભાડું જણાવ્યુ હતુ. જેથી ફોન કરનાર સંજયસિંઘ નામની વ્યક્તિએ વોટ્સએપ QR કોડ મોકલી સ્કેન કરાવી જયવિરસિંઘના એસ.બી.આઇ. બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૪૮,૦૦૦/- ટ્રાન્સફર કરી લઇ જયવિરસિંઘ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

નારણપુરાઃ દિપભાઇ અરવિંદભાઇ ત્રિવેદી (ઉ.વ.૩૫) (રહે.સ્વામિનારાયણ એવન્યુ એઇસી ચાર રસ્તા પાસે નારણપુરા) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૧ બપોરના ૨/૨૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર (૧) ૮૩૮૮૦૭૧૧૩૪ (૨) ૮૩૮૮૯૨૮૧૨૪ (૩) ૮૫૧૩૯૭૭૧૪૬ ના ધારકે દિપભાઇના પિતાજીને ઘરે બેઠા બેંક ઓફ બરોડાની ચેકબુક મોકલી આપવાનુ જણાવી દિપભાઈના મોબાઇલમા એનીડેસ્ક

નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી દિપભાઈના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂપિયા ૬૨,૯૯૨/- તથા એસ.બી.આઇ. બેંકના ખાતામાંથી રૂપિયા ૭૪,૯૮૯/- મળી કુલ રૂપિયા ૧,૩૭,૯૮૧/- ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

નવરંગપુરાઃ નવરંગપુરા વિસ્તારમાં રહેતી ૩૪ વર્ષની યુવતીએ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૫/૨૦૨૧ ના રોજ માઈકલ પેટ્રીક નામની વ્યક્તિએ ઇન્સ્ટ્રાગ્રામ પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલતા આ યુવતીએ ફ્રેન્ડ રિક્વેસ્ટ એક્સેપ્ટ કરતા મોબાઈલ વોટસએપ નંબર- +૪૪૭૪૬૬૬૪૦૦૪૯ ના ધારકે યુવતી સાથે મિત્રતા કેળવી વિશ્વાસમાં લઇ લગ્ન કરવાની લાલચ આપી સરપ્રાઇઝ ગિફ્ટ આપવાનુ જણાવ્યુ હતુ. ત્યારબાદ તા.૦૩/૦૫/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૭૮૦૦૩૪૬૯૩૧ ના ધારકે ડીલીવરી પર્સન તરીકે ઓળખ આપી પોતાનુ નામ જેમ્સ જણાવી લંડનથી માઈકલ નામની વ્યક્તિએ ગિફ્ટ મોકલેલ હોવાનુ જણાવેલ જે ગિફ્ટનુ પાર્સલ કસ્ટમમાંથી છોડાવવા રૂપિયા ૨૫,૫૦૦/- ભરવા પડશે તેમ કહેતા આ યુવતીએ ગુગલ-પે થી આપેલ સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. તેમજ અન્ય અલગ-અલગ ખાતા નંબર આપી જેમા કુલ રૂપિયા ૨,૦૪,૫૦૦/- ટ્રાન્સફર કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

વાડજઃ દુર્ગાનંદ નવીકાંત ઝા (ઉ.વ.૭૨) (રહે.શીલ્પ એવન્યુ, વીર અર્જુન સોસાયટી, નવા વાડજ) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૫/૨૦૨૧ બપોરના ૧/૨૫ વાગ્યાના સુમારે દુર્ગાનંદને ફોન કરનાર મોબાઇલ નંબર ૯૩૩૯૪૧૮૬૧૧ તથા ૯૩૩૯૪૧૮૬૬ ના ધારકે પોતાનુ નામ અંતોષ જણાવી “તમારુ ડોક્યુમેન્ટ વેરીફીકેશન પેંડીંગ છે જેથી તમારો કેવાયસી અપડેટ કરાવો નહી તો તમારું સીમકાર્ડ બંધ થઈ જશે” અને તમારા મોબાઈલમાં દસ રૂપિયાનુ રિચાર્જ કરાવો તેમ કહેતા દુર્ગાનંદ ઝાએ ઓનલાઈન દસ રૂપિયાનુ રિચાર્જ કરાવતા મોબાઈલ હેક થઈ ગયો હતો. ત્યારબાદ કરી બે કલાક પછે મોબાઈલ ચાલુ થયો હતો ત્યારે મોબાઈલમાં પ્રગતીનગર ખાતે આવેલ એસ.બી.આઈ. બેંકના દુર્ગાનંદના ખાતામાંથી રૂપિયા ૨,૪૦,૯૪૮/- તેમજ બીજા જોઈન્ટ ખાતામાંથી રૂપિયા ૭,૪૦૦- મળી કુલ રૂપિયા ૨,૪૮,૩૪૮/- ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગયાનો મેસેજ આવતા દુર્ગાનંદ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી થઈ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ચાવડા ચલાવે છે.

વાડજઃ શ્રેણીકભાઈ રાજકુમારભાઈ જૈન (ઉ.વ.૨૮) (રહે.ઈ.એસ.આઈ.સી. કોલોની, શ્રેયસ ટેકરા, આંબાવાડી) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શ્રેણીકભાઈએ તા.૧૭/૦૫/૨૦૨૧ ના રોજ બે દીવસ માટે GOIBIBO વેબ સાઈડ દ્વારા ઓનલાઈન રૂમ બુક કરાવેલ અને તેમાં રૂપિયા ૨૦૦૦/- ડિપોજીટ ઓનલાઈન ભરેલ જે ઓર્ડર કેન્સલ કરાવેલ

પંરતુ GOIBIBO દ્વારા પૈસા પરત આપેલ નહી હોવાથી તેનુ રીફન્ડ મેળવવા ટ્વીટરમાં GOIBIBO વિરુધ્ધમાં ફરીયાદ કરેલ જેથી ટ્વીટરમાંથી ટ્વીટર એકાઉન્ટ મેસેજ આવેલ જેમાં શ્રેણીકભાઈની ડિટેઈલ શેર કરવા માટે જણાવેલ હતી. તા.૨૯/૦૬/૨૦૨૧ બપોરના ૨/૫૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૯૪૩૭૮૧૫૭૩૬ ના ધારકે પોતે "GOIBIBO" માંથી બોલતા હોવાનુ જણાવી રિફંડ માટે PAY STORE માંથી GOIBIBO કસ્ટમર કેર રીફન્ડ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરવા માટે કહેતા, શ્રેણીકભાઇએ એપ ડાઉનલોડ આઈ.ડી.નો નંબર મેળવી લીધો હતો ત્યારબાદ શ્રેણીકભાઇના મોબાઈલમાં ઓ.ટી.પી.નંબર આવેલ જે તેઓએ માંગેલ પરંતુ ઓટીપી નંબર આપેલ નહી તેમ છતા શ્રેણીકભાઈના બેંક ખાતામાંથી રૂપિયા ૯૯,૦૦૦/- કુલ રૂપિયા ૧,૯૮,૦૦૦/- ટ્રાન્સફર કરી મેળવી લઈ શ્રેણીકભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

વાડજઃ રવિભાઇ પ્રવિણભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૧) (રહે.સાબરતટ સોસાયટી, કેશવબાગ વાડીની બાજુમાં, નવા વાડજ) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રવિભાઈ ઇંટ નો વેપાર કરતા હોઈ તા.૩૦/૦૬/૨૦૨૧ સવારના ૪/૦૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૯૩૯૪૮૬૬૧૨૮ ના ધારક રોશનકુમાર જણાવનાર અને ૭૪૩૮૯૧૫૨૯૧ ના ધારકે ભેગા મળી શાહીબાગ આર્મિ કેન્ટોનમેન્ટ ખાતે આર્મિ માં ફરજ બજાવતા હોવાની ઓળખ આપી આર્મિ કેન્ટોનમેન્ટ ખાતે બાંધકામ કરવાનુ જણાવી રવિભાઇ પાસે થી ૪૦૦૦ ઇંટોનો ઓર્ડર આપ્યો હતો. જેથી રવિભાઈએ ઇંટો આર્મિ કેન્ટોનમેન્ટના દરવાજા સુધી ગાડી મોકલી આપી હતી જ્યા ગાડીના ડ્રાયવરે રોશનકુમાર સંપર્ક કરતા સંપર્ક થયો ન હતો જેથી ગાડીના ડ્રાયવરે રવિભાઈનો સંપર્ક કરી જણાવતા રવિભાઈએ રોશનભાઈનો ફોન પર સંપર્ક કરી ઇંટોના પૈસા બાબતે વાત કરતા ગુગલ પે થી ચુકવણી કરવાની વાત કરી રવિભાઈના મોબાઈલમાંથી યુ.પી.આઈ.નંબર મેળવી લઈ કુલ રૂપિયા ૭૦,૦૦૧/- અલગ-અલગ ટ્રાન્જેકશન કરી મેળવી લઇ રવિભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

વાસણાઃ અક્ષતભાઇ રાકેશભાઇ શાહ (ઉ.વ.૨૧) (રહે.રત્નરૂચી વાટીકા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ ચન્દ્રનગર વાસણા) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અક્ષતભાઇ શાહે ફીજ વેચાણ સારૂ ઓ.એલ.એક્સ. એપ પર મુકતા તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૬૩૯૭૭૫૩૨૧૪ તથા ૮૫૧૬૦૮૭૩૭૩ ના ધારકે ફીજ ખરીદ કરવા માટે અક્ષતભાઇ શાહના મોબાઈલ પર ફોન કરી ફીજ ખરીદવાનુ જણાવી ફીજના પૈસા ચુકવવા સ્કનીંગ કોડ મોકલી આ કોડ ગુગલ-પે મા સ્કેન કરવાથી પૈસા ટ્રાન્સફર થઈ જશે તેમ કહી અક્ષતભાઇ પાસે કોડ સ્કેન કરાવી, અક્ષતભાઇ શાહના બેંકના ખાતામાંથી ગુગલ-પે મારફતે ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૯૮,૦૦૩/- ટ્રાન્સફર કરી લઈ અક્ષતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.સોલંકી ચલાવે છે.

એરપોર્ટઃ સુભાષભાઇ ચંચલદાસ શર્મા (ઉ.વ.૭૫)(રહે.બ્લોક નં-૫૨, સરદારનગર) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સુભાષભાઈના પુત્ર એ અગાઉ એચડીએફસી બેન્કમાંથી લાઈફ ઈન્સ્યુરન્સ લીધેલ અને બેન્ક પુરૂ પેમેન્ટ નહી આપવા જણાવતા પુરા પેમેન્ટ માટે કાર્યવાહી ચાલુ હતી. તા.૧૨/૦૫/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૯૬૯૦૧૧૬૯૭૬ ના ધારકે રાણા પ્રતાપસિંગ નામ જણાવનાર (૨) ૯૬૯૦૧૧૬૦૬૫ રામકિશોર નામ જણાવનાર અને (૩) ઇન્ડીયન ઓવરસીજ બેન્ક ખાતા નંબર ૨૩૬૬૦૧૦૦૦૦૦૫૧૫૧ ના ધારક અનીસખાન નામ જણાવી સુભાષભાઇ ફોન કરી ઇન્સ્યુરન્સના પુરા પૈસા પરત અપાવવાની લાલચ આપી બેન્ક અધિકારી તરીકેની ખોટી ઓળખ આપી સુભાષભાઇ પાસેથી કુલ રૂપિયા ૭,૩૬,૫૫૬/- ભરાવડાવી મેળવી લઇ સુભાષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.આર.દેસાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ નરવીરસિહ મહીપાલસિહ રાજપૂત (ઉ.વ.૩૯)(રહે.આદીશ્વરનગર, નિકોલ રોડ, નરોડા) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૭/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૮૫૯૬૮૦૧૯૭૩ ના ધારકે નરવીરસિંહના મોબાઈલ ફોન ઉપર ફોન કરી “આર.બી.એલ ક્રેડીટકાર્ડમાં રૂપિયા ૨૦,૦૦૦,૦૦/- વીમાની લોભામણી લાલચ આપી નરવીરસિંહને વિશ્વાસમાં લઈ તેમના ક્રેડીટકાર્ડ નંબર અને જન્મ તારીખ જાણી લઇ, તેમના ક્રેડીટકાર્ડનો દુરૂપયોગ કરી તેમાથી રૂપિયા ૫૪,૭૬૦/- ઓનલાઈન ટોરેન્ટ બિલ ભરી નરવીરસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

મેઘાણીનગર : વિઘનેશ્વર ગૌરીરમણ ઝા (ઉ.વ.૪૨)(રહે.પર્ણકુંજ સોસાયટી, પુજા હોસ્પિટલની સામે, રામેશ્વર, મેઘાણીનગર) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ફોન પે થી ઓનલાઈન ટ્રાન્જેકશન કરેલ હોવા છતા ટ્રાન્જેકશન નહી થતા ગુગલ એપ માંથી કસ્ટમર કેરમાંથી નંબર મેળવી સંપર્ક કરતા સંપર્ક થયો ન હતો અને તા.૦૩/૦૬/૨૦૨૧ સાંજના ૫/૩૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૯૮૮૩૦૫૬૭૩૮ ના ધારકે વિઘનેશ્વર ઝા ના ફોન પર ફોન કરી ફોન-પે” નામની હેલ્પલાઇન કેરમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી રિફંડ પાછુ મળવાની ખાતરી આપી લીંક મોકલી યુ.પી.આઈ સબમીત કરવાનુ કહેતા વિઘનેશ્વરે પ્રોસેસ કરતા વિઘનેશ્વરના ખાતામાંથી અલગ-અલગ સમયે કુલ રૂપિયા ૭૫,૧૧૨/- ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

નરોડાઃ મયુરધ્વજસિંહ જગદીશસિંહ વિહોલ (ઉ.વ.૩૧) (રહે.રાજીવપાર્ક સોસાયટી મણીબા સ્કુલ પાસે શિવાજી ચોક કૃષ્ણનગર) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૫/૨૦૨૧ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે નરોડા નરોડા જી.આઇ.ડી.સી. ફેઝ-૧, પ્લોટ નં.૧૬, લેટિસ ઇન્ડસ્ટ્રીઝ ખાતે કોઇ અજાણ્યા ઇસમે મયુરધ્વજસિંહના ઇ-મેઇલ આઇ.ડી. નો દુરપયોગ કરી "નેક્સ્ટ બ્રીઓ" કંપનીને મેઇલ કરી ખોટો બેંક એકાઉન્ટ નંબર A.U. BANK ACC. No. 2021210430163161 નો આપી કુલ રૂપિયા ૩,૦૭,૭૮૭/- ની છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.ખાંભલા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૩૨૦/૨૦૨૧**

રખિયાલઃ નુરજહાંબાનુ વા/ઓ મોહમદઅતીક શેખ (રહે.ભાટીયા નિવાસ શાહપુર મીલ કમ્પાઉન્ડ શાહપુર) એ તા.૨૦/૦૭/૨૦૨૧ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૭/૨૧ બપોરના ૧/૦૦ થી તા.૧૫/૭/૨૧ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ અમનચોક ગુજરાત હાઉસીંગ બોર્ડ બ્લોક નંબર-૬૦ સામે બાપુનગર ઉર્દુ શાળા નંબર-૨/૭ ના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ આચાર્યરૂમ અને સી.આર.સી.ઓફીસ રૂમમાં પ્રવેશ કરી, રૂમમાંથી ડીલીંક ઇન્ડોર સ્વીચ બોકસ-૧ કિમત રૂપિયા ૮૦૦૦/-, એન.વી.આર.બોકસ-૧ કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, સ્ટુડીયો મેકર એમ્પીફાયર કિમત રૂપિયા ૫,૦૦૦/-, આહુજા કંપનીનું એમ્પીફાયર કિમત રૂપિયા ૫,૦૦૦/-, એચ.સી.એલ.કંપનીની કોમ્પ્યુટર સ્કીન કિમત રૂપિયા ૬,૫૦૦/-, ઝેનીથ કંપનીનુ સી.પી.યુ. કિમત રૂપિયા ૭,૫૦૦/-, કીબોર્ડ કિમત રૂપિયા ૨૫૦/- મળી કુલ રૂપિયા ૬૨,૨૫૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.ભાટીયા ચલાવે છે.

જીવ-જંતુ કરડતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૩૨૧/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : થલતેજ શીલજ રોડ, રેલ્વે ઓવરબ્રીજ નીચે, મધુવન કન્ટ્રકશન સાઈટ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા મહેશકુમાર પ્રવિણસિંહ બારૈયા (ઉ.વ.૨૨)(મુળ વતનઃ- ગામઃ-તારમકાચ નિશાળ ફળીયુ, તાઃ-ખાનપુર જીઃ- દાહોદ) નાઓને તા.૧૭/૦૭/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે સાઈડ ઉપર છાપરામા ડાબા હાથ ઉપર કોઇ ઝેરી જીવજંતુ કરડી જતા સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૭/૨૦૨૧ સાંજના ૭/૦૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરસિંહભાઇ નાનજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૩૨૨/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ ઈલાબહેન નરેશકુમાર વાઘેલા (ઉ.વ.૩૦)(રહે.સંસ્કારદીપ એપાર્ટમેન્ટ સુર્યવંશી ટાવર સામે, નહેરુપાર્ક વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૧ ના કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ એ.સી.પી.શ્રી "એ" ડિવિઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી